શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા – ગ્રથાંક : ૪૦૫

# શ્રી રોહિણી કથા

હાલાર દેશોદ્ધારક પરમ શાસન રક્ષક

પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજાના

પટ્ટધર પરમ ઉપકારી પ્રાચિન સાહિત્યોદ્ધારક સિદ્ધાંતનિષ્ઠ

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.

ની દીક્ષા ૫૦ વર્ષ ઉજવણી નિમિત્તે

લાભ લેનાર

શ્રી બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળ

હ: શ્રીમતી દેવકુંવરબેન

તથા

શ્રીમતી ચંદ્રીકાબેન

લંડન

: પ્રકાશિકા :

શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા

લાખાબાવળ–શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા ગ્રન્થાંક-૪૦૫

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ
શ્રી મણિબુદ્ધ્યાણંદહર્ષકર્પૂરામૃતસૂરિભ્યો નમઃ

# રોહિણી કથા

❖ સહાયક ❖

પૂ. આ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની
૫૦ વર્ષ દીક્ષા પર્યાય ગોલ્ડન જ્યુબીલી નિમિત્તે
તથા મંડળની ૩૦ વર્ષની ઉજવણી નિમિત્તે

**શ્રી બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળ**
હઃ શ્રીમતી દેવકુંવરબેન વી. એમ. શાહ તથા
શ્રીમતી ચંદ્રીકાબેન આર. શાહ
લંડન

❖ પ્રકાશિકા ❖
શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રન્થમાલા
લાખાબાવળ, શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

**પ્રકાશિકા : શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા**

**લાખાબાવળ**

C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર-૩૬૧૦૦૫, ફોન : ૨૭૭૦૯૬૩

| વીર સં | વિક્રમ સં | સન્ | પ્રથમ આવૃત્તિ |
|---|---|---|---|
| ૨૫૩૦ | ૨૦૬૦ | ૨૦૦૪ | નકલ ૧૦૦૦ |

## પ્રકાશકીય

અમારી ગ્રન્થમાળા તરફથી **પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.** ના દીક્ષા ૫૦ વર્ષ સુવર્ણ મહોત્સવ નિમિત્તે આ પુસ્તિકા પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તિકાનું સંપાદન **પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.** એ કર્યું છે.

આ પુસ્તક પ્રગટ કરવા માટે ગુરુપ્રેમી **શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ, હઃ શ્રીમતી દેવકુંવરબેન તથા શ્રીમતી ચંદ્રીકાબેન** - લંડનવાળાએ લાભ લીધો છે. તેની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

તા. ૧-૪-૨૦૦૪
લાખાબાવળ (સૌરાષ્ટ્ર)

દેવચંદ પદમશી ગુઢકા
વ્યવસ્થાપક
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

# પ્રસ્તાવના

આત્મા પાપ કર્મ કરે છે ત્યારે મોહ અને અજ્ઞાનથી જાણતો નથી. પણ તેના ફળ ભોગવતાં કંટાળી જાય છે. સાધુને ખરાબ આહાર વહોરાવે તે એક પાપ છે. અને જાણી જોઈને કરે તે મહાપાપ છે. આવું અન્ન દેનારને અનિષ્ટપણું પ્રાપ્ત થાય છે.

ભગવાન વાસુ પૂજ્ય સ્વામીના પુત્ર મધવા રાજાને આઠ પુત્ર ઉપર રોહિણી નામે પુત્રી થઈ. તેણે પૂર્વ ભવે સિદ્ધિમતી રાણીના ભવમાં કડવું તુંબડુ વહોરાવી આવી વિરાધના કરી હતી. અને અનેક ભવ ભમી અને દુર્ગંધાના ભવમાં રોહિણી તપ આરાધ્યું અને પાપને ખપાવ્યા.

રોહિણી તપની આરાધના શ્રી સંઘમાં ચાલે છે. આ કથા વાંચી મહિમા સમજી સૌ આરાધના મગ્ન બનો અને મોક્ષ સુખને પામો એજ ભાવના.

વિ.સં. ૨૦૬૦
મહા સુદ-૪, રવિવાર,
તા. ૨૫-૧-૨૦૦૪

– *જિનેન્દ્રસૂરિ*

૨૪૨, આશીર્વાદ,
બી-૮મો રોડ,
બસવેસ્વરનગર, બેંગલોર.

હાલારા દેશોદ્ધારક

## પૂ. આ .શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.ના

પટ્ટધર પ્રાચીન સાહિત્યોદ્ધારક

# પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.

**જન્મ** : વિ. સ. ૧૯૯૦ પોષ સુદ-૨, લાખાબાવળ

**દીક્ષા** : વિ. સ. ૨૦૧૦ જેઠ સુદ-૧૧ - વેરાવળ
*દીક્ષા દાતા*
*પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.*

**વડી દીક્ષા** : વિ. સ. ૨૦૧૧ પોષ વદ - ૧૧, લાખાબાવળ
*વડી દીક્ષા દાતા-*
*પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.*

**ગણીપન્યાસ પદ** : વિ. સ. ૨૦૨૩ પોષ સુદ-૧૦, લીંબડી
પદ દાતા -
*પૂ. પં. શ્રી રાજેન્દ્ર વિજયજી ગણિવર*

**આચાર્ય પદ** : વિ. સ. ૨૦૩૮ વૈશાખ સુદ-૩, જામનગર
પદ દાતા -
*પૂ. આ. શ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મ.*

# શ્રી રોહિણી કથા

હાલાર દેશોદ્ધારક પરમ શાસન રક્ષક

પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજાના

પટ્ટધર પરમ ઉપકારી પ્રાચિન સાહિત્યોદ્ધારક સિદ્ધાંતનિષ્ઠ

**પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**

ની દીક્ષા ૫૦ વર્ષ ગોલ્ડન જયુબિલી

ઉજવણી નિમિત્તે


ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR

શ્રી બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળ – લંડન

# રોહિણીની કથા

जं किंचि वंछइ मणे, ते सव्वं हुइ तवप्पभावेण ॥
इठेण समं जोगो, हवइ विओगो अणिठेण ॥ १ ॥
उच्चिठमसुंदरयं, भत्तं तह पाणगं च जो देइ ॥
साहूण जाणमाणे, भत्तंमि निमज्जाए तस्स ॥ २ ॥

અર્થ :- જે કાંઈ મનમાં વાંછે તે સર્વ તપના પ્રભાવે કરી પ્રાપ્ત થાય, ઈષ્ટ વસ્તુનો સંયોગ થાય, અને અનિષ્ટ વસ્તુનો વિયોગ થાય. ઉખરાડ એટલે વિરૂધ્ધ તે જૂઠ પ્રમુખ તથા અસુંદર એટલે ખરાબ ખોટો એવો જે આહાર ભાત તથા પાણી તે જે જીવ જાણતો થકો સાધુ ભણી દીએ તે આહાર જમ્યો થકો પચે નહીં. તેવા અન્ન આપનારને અનિષ્ટપણું પ્રાપ્ત થાય છે. તેના ઉપર રોહિણીની કથા કહે છે.

શ્રી ચંપાનગરીને વિષે શ્રી વાસપૂજ્ય તીર્થંકરનો પુત્ર મઘવા નામે રાજા રાજ્ય કરે છે. તેની લખમણા એવે નામે રાણી છે. તેને અનુક્રમે આઠ પુત્ર થયા, ત્યારે રાણીએ વિચાર્યુ જે હજી એક પુત્રી થાય તો સારૂં. એમ ચિંતવતાં આઠ પુત્રની ઉપર નવમી પુત્રી થઈ. તે માતા પિતાને ઘણી વલ્લભ છે. તેનું નામ રોહિણી પાડયું.

હવે તે પુત્રી પાંચ ધાવે કરી લાલી જતી પાલી જતી મોટી થઈ ત્યારે ભણીગણી સર્વ કલા શીખીને મહાચતુર થઈ, રૂપ લાવણ્ય ગુણે કરી સંયુક્ત થઈ. અનુક્રમે યૌવનાવસ્થા પામી, ત્યારે રાજાએ વિચાર્યું જે

એ કુમરીને જો યોગ્ય વર મળે તો સારૂં થાય. એમ વિચારી સ્વયંવર મંડપ માંડયો. તેમાં કુરૂ, કોશલ, લાટ, કર્ણાટ, વૈરાટ, મેદપાટ, ગૌડ, ચોડ, દ્રાવિડ, મગધ, માલવ, સિંધુ, સૌરાષ્ટ્ર, ગુર્જર, કુંકણ, કચ્છ, જાલંધર, નાગપુર ઈત્યાદિક દેશના વિદ્યાધર રાજા તથા બીજા પણ મોટા મોટા રાજાઓ આવ્યા. ડેરા તંબુ દઈ બેઠા.

હવે રાજાએ પણ પોતાની કુમરીને સોલે શણગારે શણગારી હાથમાં વરમાલા આપી સ્વયંવર મંડપમાં મોકલી. દાસી મુખ આગળ હાથમાં અરીસો લઈ રાજાઓની બિરૂદાવલી બોલતી રાજકુમારોના રૂપ દેખાડતી હતી.

એમ કરતાં નાગપુર નગરના વીતશોક નામે રાજાનો પુત્ર અશોકકુમાર તે સ્વયંવરમાં આવ્યો હતો, તેના ગળામાં વરમાળા પહેરાવી. યોગ્ય વર દેખીને સર્વ લોકહર્ષ પામ્યા, પુત્રીના પિતાએ પણ મોટો મહોત્સવ કરી વિવાહ કર્યો. સર્વ રાજવીઓને ઘણા હાથી, ઘોડા વસ્ત્રાભરણ અને ભોજન, તાંબૂલ પ્રમુખ દઈને શીખ આપી તથા અશોકકુમારને પણ ઘણાં હાથી, ઘોડા, દાસ, દાસી, સોના, રૂપાના ઘરેણાં, પ્રમુખ દાયજો આપીને નાગપુર પહોંચતો કર્યો. ત્યાં વીતશોક રાજાએ પણ મોટા મહોત્સવે કરીને પોતાના પુત્રને નગરમાં પ્રવેશ કરાવ્યો.

કેટલાએક દિવસ વીત્યા કેડે શુભ મુહૂર્તે અશોકકુમારને રાજ્યપાટે સ્થાપીને વીતશોક રાજાએ દીક્ષા લીધી. પાછળ અશોક રાજા રાજ્યસંપદા તથા સ્ત્રી સાથે સંસારસુખ ભોગવે છે.

હવે રોહિણીને આઠ પુત્ર થયા અને ચાર પુત્રીઓ થઈ. એમ રાજા રાણી બેઉ સુખ ભોગવતાં રહે છે. એક દિવસે રાજા અને રાણી બેઉ મહેલ ઉપર ગોખમાં બેઠા છે. તે મહેલની પાછળ એક વ્યવહારીઆનું ઘર છે. તેનો પુત્ર મરણ પામ્યો, ત્યારે તે પુત્રનાં માતા, પિતા તથા બીજા સગાં સંબંધી સર્વ મલી મોટે સાદે કરી રોવા કૂટવા લાગ્યાં, તે જોઈને રોહિણી પોતાના ભરતારને પૂછવા લાગી કે હે સ્વામિન! આ નાટક તે કેવા પ્રકારનું કહેવાય? તે સાંભળી રાજા બોલ્યો કે - હે રાણી! તું અહંકાર ન કર, હમણાં તું ધન, યૌવનને મદે કરીને ભરેલી છો, પણ તેનો મદ કરવો સમજુ માણસને યોગ્ય નથી. જે માટે આ સંસાર અનિત્ય છે.

धन जोबन ठकुराइयां, सदा सुरंगी न होय ॥
ज्युं रुखां त्युं माणसा, छांह फिरंती जोय ॥ १ ॥

માટે એ અસ્થિર ઋદ્ધિ છે. તેનો તું શું મદ કરે છે?

તે સાંભળી રાણી બોલી કે હે સ્વામિન! તમે ફોગટ શા વાસ્તે પોતાના મતની તાણ કરો છો? હું તો કાંઈ પણ ગર્વમાં બોલતી નથી, પરંતુ મેં એવું નાટક કોઈ વાર પણ દીઠેલું નથી, તે માટે હું તમને પૂછું છું. તેમાં તમે વળી લાંબી લાંબી વાતો કરીને મદવંતી શા માટે કહો છો? ત્યારે રાજા બોલ્યો કે જો- હવે હું તુજને નાટક ખેલ દેખાડું છું કે જેથી તું પોતે જ એવું નાટક કરવા પોતાની મેળે શીખી જઈશ.

એમ કહીને રાણીના ખોળામાં પુત્ર રમતો હતો તેને રાજાએ ઉપાડીને ગોખમાંથી નીચે નાખી દીધો. તે જોઈ સર્વ લોક હાહાકાર

કરવા લાગ્યા, પણ રોહિણીને તો એક તલમાત્ર પણ દુઃખ ઉપજયું નહીં, તે કાંઈ એ વાતમાં સમજી પણ નહીં કે આ રાજા શું કરે છે? ને કેવું કામ કરે છે! કે જે થકી મને દુઃખ પેદા થશે!

હવે તે બાલકને નીચે પડતાં થકા અધવચમાંથી પુરદેવીએ હાથે કરી ઝાલી લીધો. તે પુત્ર પણ દીર્ઘાયુવાળો મહા ભાગ્યવંત છે, માટે દેવતાઓ તેને સહાય કરી. બાલક જીવતો રહ્યો દેખી સર્વ લોક વિસ્મય પામ્યા તથા હર્ષવંત થયા. તે દેખી રાજા બોલ્યો કે હે રાણી! હું તુજને રોવા કૂટવાની કલા શીખવતો હતો, પણ તેં પૂર્વ ભવમાં કોઈ મોટું પૂણ્ય ઉપાર્જન કરેલું છે, તે માટે તારે દુઃખ દેખવું પડયું નહીં, તો હવે એ વાતનો નિશ્ચય તો કોઈ જ્ઞાની મહારાજ અહીં પધારશે તેને તારા પૂર્વલા ભવ પૂછીને કરશું.

હવે એક વખત વાસુપૂજયસ્વામીના શિષ્ય રૂપ્પકુંભ અને સુવર્ણકુંભ નામે બે મુનિરાજ નગરની બહાર સમોસર્યાં. તેમને રાજા રાણી બેઉ વાંદવા ગયા. ત્યાં ગુરુએ ધર્મોપદેશ દીધો.

રાજાએ પૂછયું કે - હે મહારાજ! આ મારી રોહિણી રાણીએ પૂર્વે શું સુકૃત કર્યું હશે? કે જેને યોગે એ કાંઈ પણ દુઃખ પામતી નથી, મારો પણ એના ઉપર ઘણો સ્નેહ રહે છે. વળી પુત્ર પુત્રીનું પણ સુખ છે. તે સાંભળી મુનિરાજ કહેતા હતા કે - હે રાજન! તું સાંભળ.

પાછલા ભવે ઉજ્જયંતગિરિપુરને વિષે પૃથ્વીપાલ રાજા રાજય કરતો હતો, તેની સિદ્ધિમતી નામે રાણી હતી. એક વખત રાણી સહિત રાજા વનમાંહે ક્રીડા કરવા ગયો. એ અવસરે ત્યાં માસક્ષમણને પારણે

ગુણસાગર નામે મુનિરાજને નગર ભણી આવતા દેખીને રાજાએ તેમને વાંદી નમસ્કાર કર્યો, અને રાણીને કહ્યું કે- હે સ્ત્રી! આ મહા ઋષીશ્વર જંગમ તીર્થ છે, માટે ઘેર જઈ એમને શુદ્ધ આહાર આપો. તે સાંભળી રાણીએ જાણ્યું જે આ મુંડો મને વિષયસુખમાં અંતરાય કરવા માટે ક્યાંથી આવી પડયો? એમ કલકલતાં રીસે બળતાં એક કડવું તુંબડું હતું તે તેને વહોરાવ્યું.

તે લઈ ઋષિશ્વરે વિચાર્યું- જે આ અન્ન જયાં પરઠવશું ત્યાં એનાથી જીવોનો સંહાર થશે. એમ ચિંતવી તેનું પોતે જ પારણું કર્યું. તે વિષપ્રયોગથી મુનિરાજ શુભ ધ્યાને મરણ પામીને મોક્ષે ગયા.

રાજાને વાત જાણવામાં આવી ત્યારે રાણીને ઘરથી બહાર કાઢી મૂકી. તે રાણીને જંગલમાં રખડતાં રઝળતાં ઉગ્ર પાપને યોગે સાતમે દિવસે કોઢ રોગ ઉત્પન્ન થયો. તેને યોગે અનુક્રમે રાણી મરીને છઠી નરકે ગઈ. ત્યાંથી નીકળી વળી તિર્યંચમાં તથા સર્વે નરકમાં ઘણા ભવ રખડી.

પછી તેણે એક વખત ચંડાલણીના ભવમાં મરવાની વખતે નવકારનું સ્મરણ કર્યું, તેને યોગે કરી એજ નગરે વનમિત્ર શેઠને ધનવતી નામે ભાર્યા છે, તેની કુખે દુર્ગંધા નામે પુત્રીપણે ઉપજી. હવે તે જ્યારે યૌવનને પ્રાપ્ત થઈ ત્યારે પિતાએ તેનો વિવાહ મહોત્સવ કર્યો. લગ્ન સમયે વરની સાથે હાથમેળાવો કરતાં જયારે વરના હાથમાં કન્યાનો હાથ આપ્યો ત્યારે તેને અગ્નિ જેવો બળતો લાગ્યો, તેથી તે વરરાજા તેનો હાથ છોડીને વેગળો જઈ બેઠો. થોડીવાર પછી ત્યાંથી ઉઠીને ચાલવા માંડયું ત્યારે પિતાએ તેને જતો પકડયો, અને કહ્યું કે- હે પુત્ર! તું રંગમાં ભંગ કાં કરે

છે? તે સાંભળી પુત્ર બોલ્યો, હે પિતાજી! તમે કહો તો વિષ ખાઉં! કહો તો મારે ગળે હું ફાંસો આપું! તે બધું કરૂં, પણ એ કન્યાને હું પરણીશ નહીં!!!

ત્યારે શેઠે કહ્યું, કે હે પુત્ર! તું ઉદાસી થઈશ નહીં. એ કન્યાથી તારા હાથ બળે છે, માટે એ રહી. હું બીજી ઘણી કન્યાઓ તને પરણાવીશ. એમ કહી શેઠ પુત્રને લઈને ઘેર જતો રહ્યો.

હવે કન્યાનો પિતા પણ વરની ચિંતા હરહંમેશ કર્યા કરે. એક વખ્ત કોઈ એક મહા રૂપવાન ભીખારી શેઠને ઘેર આવ્યો. તેને શેઠે કહ્યું કે- તું જો મારે ઘેર રહે તો હું તુજને મારી કન્યા પરણાવું. ત્યારે ભીખારીએ કહ્યું, જો આપ રાખશો તો રહીશ. પછી શેઠે તેના મેલાં કપડાં ઉતરાવી એક બાજુ નાખી દીધા, અને તેને નવરાવી ધોવરાવી નવીન ઉંચા કપડાં ઘરેણા પહેરાવીને પોતાને ઘેર રાખ્યો. સુવા વખતે ચિત્રશાલિ ઉપર જઈ કન્યા પાસે જતાંવેંત જ સામી દુર્ગંધતા આવવા લાગી. તે જોઈ ભીખારીએ વિચાર્યું જે મારે ભીખ માગીને પેટ ભરવું તે જ સારૂં છે, પણ આ સુખ મારા કામનાં નથી. એમ ચિંતવી લુગડાં ઘરેણાં સર્વ ઉતારી નાખ્યાં, અને પોતાના પ્રથમના મેલા લુગડાં પહેરીને ચાલતો થયો.

પ્રભાતે માતા પિતાએ દાસીને કહ્યું કે- હે દાસી! તું ઝારી, દાતણ, મેવા, મીઠાઈ પ્રમુખ કુમરીની પાસે લઈ જા. તે દાસી લઈને કુમરી પાસે જઈ જુવે છે તો ત્યાં તે દુર્ગંધા એકલી રડતી બેઠી છે. તે જોઈને દાસીએ આવી માતા પિતાને કહ્યું. ત્યારે માતા પિતા આવીને પુત્રીને કહેવા લાગ્યાં- હે પુત્રી! કર્મથી કોઈ જોરાવર નથી. જે માટે તીર્થંકર, ચક્રવર્તી,

બલદેવ, વાસુદેવ એવા એવા પુરૂષોથી પણ કર્મ ટળી શક્યાં નહીં, તો આપણે શી ગણત્રીમાં છીએ? માટે હવે તું બેઠી બેઠી ધર્મ કર ધર્મને પ્રભાવે કરી સર્વ સુખ આવી પ્રાપ્ત થશે. તે સાંભળી કુમરીએ પણ મનમાં સંવેગ ભાવ આણીને તપ, જપ કરવા માંડયા.

એક વખત ત્યાં જ્ઞાની ગુરુ પધાર્યા. તેમને શેઠે પૂછયું કે મહારાજ! આ મારી પુત્રીને રોગ કેમ થયો? ત્યારે ગુરુએ તેના પૂર્વલા ભવ સંભળાવ્યા. ફરી શેઠે પૂછયું કે હવે આ રોગ કેવી રીતે જાય? તેનો ઉપાય કહો.

ગુરુએ કહ્યું કે આને સાત વર્ષ ને સાત માસ પર્યંત રોહિણીનું તપ કરાવ. તે આવી રીતે કે - જે રોહિણી નક્ષત્ર આવે તે દિવસે ચઉવિહારો ઉપવાસ કરવો, અને ભાવ સહિત શ્રી વાસપુજય ભગવાનની રત્નમય પ્રતિમાની પૂજા કરવી. તપ પૂર્ણ થયા પછી ભલીભાંતે ઉજમણું કરવું. જો એમ કરાવશો તો સુગંધ રાજકુમારની પેઠે તેના સર્વ દુઃખો મટી જશે. ત્યારે દુર્ગંધાએ પૂછયું, સુગંધ રાજકુમાર તે કોણ હતો? તે મને કહો. ત્યારે ગુરુએ કહ્યું :

સિંહપુર નગરમાં સિંહસેન રાજા, તેની કનકપ્રભા રાણી, તેમને એક પુત્ર થયો તે અતિશય દુર્ગંધ હતો, તેથી તે સર્વને અપ્રિય થયો. એક વખતે તે નગરીમાં પદ્મપ્રભસ્વામી સમોસર્યા. ત્યાં કુટુંબ પરિવાર સહિત જઈ રાજાએ કરાંજલિ બાંધીને પૂછયું- હે ભગવન! મારો પુત્ર દુર્ગંધી થયો તેનું કારણ શું હશે? એણે પૂર્વલા ભવમાં શું કર્મ કર્યું હશે? ત્યારે ભગવાન કહેવા લાગ્યા.

નાગપુરથી બાર યોજન છેટે નીલ પર્વત ઉપર એક શિલાની ઉપર માસોપવાસી સાધુ ધર્મધ્યાન કરતા હતાં, તેને વ્યાઘે ઉપદ્રવ કરવા માંડયો. એક વખતે તે સાધુ ગામમાં એષણાર્થે ગયા. એટલામાં એક વ્યાઘે તે શિલા ઉપર અગ્નિ સલગાવ્યો અને તે શિલા અગ્નિ જેવી બલતી કરી. સાધુ ત્યાં આવીને બેઠા. ઉષ્ણ પરિષહ સહન કરીને કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

પછી તે વ્યાધ દુષ્ટ કર્મથી કુષ્ઠી થયો. મરીને સાતમી નરકે ગયો. પછી સર્પ થઈને પાંચમી નરકે ગયો. પછી સિંહ થઈને ચોથી નરકે ગયો. પછી ચિત્રક થઈને ત્રીજી નરકે ગયો. પછી માર્જાર થઈને બીજી નરકે ગયો. પછી ઉલૂક થઈને પહેલી નરકે ગયો. એવા ભવ ભમીને અંતે એક શ્રાવકને ઘેર ઉપજયો. પશુપાલનો ધંધો કરવા લાગ્યો. શ્રાવક હોવાથી નવકાર શીખ્યો.

એક વખતે વનમાં દાવાગ્નિ બળતો હતો, તે બળતાં બળતાં પેલો પશુપાલ જયાં સુતો હતો ત્યાં તેના અંગ ઉપર આવી પડયો. તે બળીને મરણ પામ્યો. અંતે નવકારનું સ્મરણ કર્યું, તેથી તારો પુત્ર થયો. શેષકર્મના દોષથી દુર્ગંધી શરીર થયું.

એવી રીતે પૂર્વ ભવ સાંભળતાં જ તે દુર્ગંધ રાજકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉપજયું, તેથી ભગવંતને પગે લાગીને પૂછવા લાગ્યો કે હું એ દોષથી કેમ છુટીશ? ત્યારે જિનેશ્વરે કહ્યું કે- રોહિણીનું તપ કર, તેથી સર્વ નિરાબાધ થશે. પછી તે રાજપુત્રે રોહિણીનું તપ કર્યું, તેથી તેનું શરીર સુગંધિત થયું માટે હે દુર્ગંધે! તું પણ એ તપ કર. એના પ્રભાવથી

સુગંધ કુમારની પેરે તારાં સર્વ દુઃખ નાશ પામશે.

એવું સાંભળીને તે દુર્ગંધાએ રોહિણી તપ અંગીકાર કર્યું, શુભ ધ્યાનથી તપસ્યા કરતાં આત્માની નિંદા કરતાં દુર્ગંધાને જાતિ સ્મરણ જ્ઞાન ઉપજ્યું. તેને યોગે પૂર્વલો ભવ સાંભળી આવ્યો, તેથી વળી વિશેષે તપ કરવા માંડયું. આયુ પૂર્ણ થયાથી શુભ ધ્યાને મરણ પામીને દેવલોકને વિષે દેવતાપણે ઉપજી, ત્યાંથી ચ્યવીને અહીં ચંપાનગરીને વિષે મઘવા રાજાની પુત્રી થઈ. તેનું રોહિણી નામ પડયું. તેને તમે પરણ્યા છો. એણે ઘણું દાન આપ્યું છે, તેથી તમારી પટરાણી થઈ છે. એણે પૂર્વે રોહિણી તપ કર્યું છે. તેના પ્રભાવથી દુઃખ તે વળી શી ચીજ છે? એવું પણ એ જાણતી નથી. વળી ઉજમાણું કર્યું તેના પ્રભાવથી એ ઋદ્ધિ પામી છે.

વળી હે રાજન! તે સિંહસેન રાજાએ સુગંધ કુમારને રાજ્યપાટે સ્થાપી પોતે દીક્ષા લીધી. સુગંધ રાજા રાજ્ય પાલતો ધર્મકૃત્ય કરતો મરણ પામી દેવલોકે ગયો, ત્યાંથી ચ્યવીને પુષ્કલાવતી વિજયે પુડરિગિણી નગરીમાં કેવલકીર્તિ રાજાને ઘેર અર્કકીર્તિ નામે ચક્રવર્તીપણે ઉત્પન્ન થયો, ત્યાં દીક્ષા લઈ બારમે દેવલોકે ઈંદ્રપણે ઉપજયો, ત્યાંથી ચ્યવીને અહીં તું અશોક નામે રાજા થયો છો. તારી રાણીએ અને તેં બેઉ જણે મળી પૂર્વે સરખું તપ કર્યું છે, તે માટે તારો સ્નેહ એની ઉપર ઘણો છે.

વળી રાજાએ પૂછયું કે હે સ્વામિન! મારી સ્ત્રીને આઠ પુત્ર અને ચાર પુત્રીઓ થઈ, તે તેના કયા પૂણ્યોદયથી થઈ? ત્યારે ગુરુ બોલ્યા, હે મહાભાગ! એમાંથી સાત પુત્ર તો પૂર્વલા ભવે મથુરા નગરીએ એક

ભીખારી અગ્નિશર્મા બ્રાહ્મણ રહેતો હતો, તેને ઘેર પુત્ર પણે ઉપજ્યા હતાં. દરિદ્રી કુલમાં ઉપજયા, તેથી સાતે ભીખ માગવા જાય, પણ તેને કોઈ ઓટલે પણ બેસવા આપે નહીં. જ્યાં જાય ત્યાં ધક્કો મારી બહાર કાઢી મૂકે. એમ તે પુત્ર ગામોગામ ફરતા, ભીખ માગતા માગતા એક વખત પાડલીપુરે ગયા. ત્યાં તેમણે રાજાના પુત્ર તથા પ્રધાનના પુત્રને દીઠા, તેથી મનમાં આશ્ચર્ય પામ્યા. ત્યારે મોટા ભાઈએ કહ્યું જે- આપણે પણ માણસ છીએ, અને એ પણ માણસ છે, પરંતુ આપણામાં અને એમનામાં એટલું બધું અંતર કેમ છે? તે સાંભળી નાનો ભાઈ બોલ્યો કે એણે પૂર્વે પૂણ્ય કર્યા છે, તેના ફળ એ ભોગવે છે, અને આપણે પુણ્યહીન છીએ, તેથી ઘર ઘર ભીખ માગીએ છીએ.

પછી ફરતાં ફરતાં વનમાં ગયા, ત્યાં એક સાધુ મુનિરાજ કાઉસ્સગ્ગધ્યાને રહ્યા હતાં, તેમની પાસે જઈ ઉભા રહ્યા, અને સાધુએ પણ કાઉસ્સગ્ગ પારી દયા આણીને ધર્મદેશના દીધી. તે સાંભળી સાતે ભાઈ વૈરાગ્ય પામી દીક્ષા લઈ, ચારિત્ર પાળી, મરણ પામીને દેવલોકે જઈ દેવતાપણે ઉપજયા, ત્યાંથી ચ્યવીને અહીં તારે ઘેર આવી પુત્રપણે ઉપજયા છે. તથા વૈતાઢય પર્વત ઉપર એક ભીલ વિદ્યાધર શાશ્વત જિનપ્રતિમાની પૂજા કરતો હતો તે મરણ પામી સૌધર્મ દેવલોકે દેવતા થયો. ત્યાંથી ચ્યવી તે તારો લોકપાલ નામે આઠમો પુત્ર થયો છે. અને જે તારી ચાર પુત્રીઓ છે તે પૂર્વલે ભવે વિદ્યાધર રાજાની પુત્રીઓ હતી. અનુક્રમે યૌવનાવસ્થા પામી. એક વખત પ્રસ્તાવે બાગમાં રમવા ગઈ, ત્યાં સાધુને ઉભેલા દીઠા. સાધુએ તેમને પૂછયું કે હે કુમરીઓ!

તમે ધર્મ કરો! ત્યારે તેમણે કહ્યું, અમે ધર્મકરણી ન કરીએ. વળી સાધુએ કહ્યું, તમારૂં આયુષ્ય સ્વલ્પ રહ્યું છે, માટે ધર્મકરણીમાં પ્રમાદ કરશો નહીં. તે સાંભળી તે પુત્રીઓએ પૂછયું કે- અમારૂં આયુષ્ય કેટલું બાકી રહ્યું છે? સાધુએ કહ્યું, આઠ પહોર શેષ રહ્યું છે ત્યારે તે પુત્રીઓ કહેવા લાગી કે- આટલા સ્વલ્પ કાલમાં શું પુણ્ય કરીએ? મુનિએ કહ્યું જ્ઞાનપંચમીનું તપ કરો. જે માટે કહ્યું છે કે-

जे नाणपंचमिवयं, उत्तम जीवा कुणंति भावजुया ॥
उवमुंज अणुवमसुहं, पावंति केवलं नाणं ॥ १ ॥

એવો ઉપદેશ સાંભળી તે પુત્રીઓએ ઘેર આવી પચ્ચક્ખાણ લીધું, પોતાના આત્માને કૃતાર્થ માન્યો. એક સ્થાનકે ચારે જણીઓ બેઠી. એટલામાં વિદ્યુત્પાત થયો, તેથી ચારે પુત્રીઓ મરણ પામી દેવતા થઈ. ત્યાંથી ચ્યવીને તારી પુત્રીઓ થઈ છે. એ વાત સાંભળતાં જ રાજાને તથા રાણીને જાતિસ્મરણ જ્ઞાન ઉપજયું, પૂર્વલા ભવ સાંભર્યા, તેથી વૈરાગ્ય પામ્યા થકાં પોતાને ઘરે આવ્યા.

વળી એક વખત શ્રી વાસુપૂજય ભગવાન આવી સમોસર્યા, તેમને રાજા તથા રોહિણી રાણી પ્રમુખ પરિવાર સહિત વાંદવા ગયા. ત્યાં પ્રભુની દેશના સાંભળી ઘેર આવી પુત્રને રાજયપાટે સ્થાપી, સાતે ક્ષેત્રે ધન વાવરી, ચારિત્ર અંગીકાર કરી બેઉ જણ મોક્ષે ગયા.

એ રીતે ભવ્ય જીવોએ પણ રોહિણીનું તપ શુભ ભાવથી કરવું.

*॥ ઈતિ રોહિણી તપ કથા સમાપ્ત ॥*

# શ્રી જૈન શાસન પ્રચાર અને રક્ષા માટે સામાયિકો

## શ્રી મહાવીર શાસન (માસિક)

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- • આજીવન લવાજમ રૂા. ૧૦૦૦/-
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦/- • આજીવન લવાજમ રૂા. ૫૦૦૦/-

## શ્રી જૈન શાસન (અઠવાડિક)

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- • આજીવન લવાજમ રૂા. ૧૦૦૦/-
પરદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/- • આજીવન લવાજમ રૂા. ૬૦૦૦/-

## શ્રી જૈન બાલશાસન (માસિક)

પાંચ વર્ષ લવાજમ રૂા. ૨૫૦/- • આજીવન લવાજમ રૂા. ૭૫૦/-
પરદેશમાં પાંચ વર્ષ રૂા. ૫૦૦/- • આજીવન લવાજમ રૂા. ૪૦૦૦/-

**શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ**

*શ્રુત જ્ઞાન ભવન, ૪૫-દિગ્વિજય પ્લોટ,*
*જામનગર-૩૬૧ ૦૦૫. (ગુજરાત)*
*ફોન : ૦૨૮૮ - ૨૭૭૦૯૬૩*

પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના શિષ્ય
પ્રવર્તક પૂ. મુનિરાજ શ્રી યોગીન્દ્ર વિજયજી મ. ની
દીક્ષા ૫૦ વર્ષ પૂર્ણ ૨૦૬૦ વૈશાખ સુદ-૩





શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા - લાખાબાવળ

C/o. શ્રુતજ્ઞાનભવન, ૪૫, દિગ્વિજયપ્લોટ, જામનગર - ૩૬૧૦૦૫.
ફોન : ૦૨૮૮-૨૭૭૦૯૬૩

આપને પ્રભાવના માટે ગુજરાતી, અંગ્રેજી, હિન્દીમાં પુસ્તકો જોઈએ તો મંગાઓ.